# માનવતાનું નિરૂપણ કરતો વાર્તાસંગ્રહ 'અધૂરો કોલ'

**વૈરૂ મેરામણ આલાભાઈ**
એમ. ફીલ. સ્કોલર,
ગણપત યુનિવર્સિટી,ખેરવા

*૨૦૦૨ થી ૨૦૦૫ સુધીનાં વર્ષો દરમ્યાન ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ રહી ચુકેલા ધીરૂબહેન પટેલની આ જીવન સાહિત્યસાધના પ્રેરણાદાયી બની શકે છે. સ્વાતંત્ર્યોતર કાળના સર્જન વિશ્વમાં ધીરુબહેનના સાહિત્યનો લાક્ષણિક પ્રભાવ જણાયો છે. ધીરુબહેન પટેલના સર્જનમાં અને ખાસ કથા સ્વરૂપમાં નિરૂપણ પામતી ઘટનાઓ આપણા આસપાસના સમાજમાં બનતી હોય એવી જ ઘટનાઓનું સહજ ન્નિરૂપણ એમની લાક્ષણિકતા ગણી શકાય.*

*પરંપરાગત ઢાંચામાં લખનાર વાર્તાકારોમાં ધીરુબહેન પટેલનું નામ મોખરે છે. પોતાના સત્વશીલ સર્જન દ્વારા રણજિતરામ સુવર્ણચંદ્રક પ્રાપ્ત કરનારા ધીરુબહેન સર્જન કાર્યનો પ્રારંભ નવલિકાથી થયો. રામપ્રસાદ બક્ષી ધીરુબહેનની નવલિકા વિશે કહે છે કે, " કુમારી ધીરુબહેનની વાર્તાઓ રોચક છે, હૃદય ગમ છે. માનવહૃદયે મૂલવેલી સનાતનતા ભાવનાઓ એમાં છે. વાર્તારસિક વર્ગના વાર્તારસને સંતર્પે એવી કથન શૈલી એમાં છે. પ્રસંગ શુખલાને સુશ્લિષ્ટ રાખે એવી, સંઘટના એમાં છે. પાત્રોનો અને વાચકનો ભાવ સંવાદ સાથે એવી ઓછા અલંકાર સાજતી સંસ્કારવતી વાણી એમાં છે."*

*તેમણે સંદેશમાં ' સંજોગ' નામની વાર્તાથી તેમનું લેખન કાર્ય આગળ ધપાવ્યું. તેમનો પ્રથમ વાર્તાસંગ્રહ ' અધૂરો કોલ' (૧૯૫૫)માં પ્રગટ થયો ત્યારબાદ ' એક લહર' (૧૯૫૭), ' વિશ્રંભકથા', (૧૯૬૬)' ટાઢ' (૧૯૮૭) અને 'જાવલ' (૨૦૦૧)માં પ્રગટ થાય છે. 'એક લહર' વાર્તા સંગ્રહને મુંબઈ સરકારનું પ્રથમ પારિતોષિક પ્રાપ્ત કરેલ છે.*

*'અધૂરો કોલ' વાર્તાસંગ્રહના સત્તર નવલિકાઓ આપેલ છે જેમાં માનવતાનું નિરૂપણ છતુ થતું નજરે ચઢે છે. ધીરુબહેને ગુજરાતી સાહિત્યના પ્રદેશમાં પોતાની સર્જન પ્રવૃતિનું પ્રથમ ફળ રજૂ કરે છે.*

*આ વાર્તાઓના વસ્તુમાં સમાજનું વ્યાપક નિરૂપણ નથી, આર્થિક કે સામાજિક વ્યાપક સ્વરૂપના પ્રશ્નોનો પરામર્શ નથી. વ્યાપક સમાજના અથવા સમાજ વ્યાપક માનવદષ્ટિનો વ્યક્તિજીવન ઉપર કેવો અનિષ્ટ આઘાત પડે છે. એનું એક-બે વાર્તાઓમાં આલેખન થયું છે. શાંતિ સંસ્થાને અંગે શાંતિ- શાંતિમાં પ્રવર્તતી સંકુચિત દષ્ટિથી વ્યક્તિના જીવન કેવા રૂંધાયા છે. કેવી કરુણતામાં પરિણમે છે એ બે-ત્રણ વાર્તાઓમાં દર્શાવાયું છે. આજે અશક્ય બનતું જતું સંયુક્ત કુટુંબ- જીવન ભૂતકાળમાં શક્ય બનતું હતું. એ શક્યતાની અંદર વૈયક્તિક સ્વાર્થનો ત્યાગ હતો, મન મનાવવાની કળા હતી, એનું ઉચિત મૂલ્યાંકન કરીને મમત્ત્વભર્યું સમર્પણ કરનારી બે વાર્તાઓ આ સંગ્રહમાં છે.*

સમાજ સંસ્થાનું કુટુંબજીવનનું અને વ્યક્તિગત ભાવનાનું સ્વતંત્ર દૃષ્ટિએ મૂલ્યાંકન એ ધીરુબહેનની વાર્તાઓમાં રજૂ થતી જીવનમીમાંસાનું ખાસ લક્ષણ છે. ધીરુબહેન આ વાર્તાઓમાં માનવ વ્યવહારની જે જે મૂલવણી છે તે તેઓ પાત્ર મુખે પાત્રના વિશિષ્ટ સંજોગોમાં ઉપજતા માનસિક પ્રત્યાઘાતના ફળરૂપે રજૂ કરે છે.

ધીરુબહેનની 'માતૃભક્ત' વાર્તાની નાયિકા નિર્મળા ગ્રામસુધારણા ઉદ્દેશ્યથી ગ્રામ પ્રસ્થાન કરે છે. પણ એનો ગ્રામ સુધારણાનો ઉત્સાહ ત્યાં પહોંચતાંવેંત ઠંડો પડી જાય છે. કેમ કે ત્યાં સેવાની ખાસ જરૂર ન જણાતી રસ્તા સાફ સુથરા, ઘરો હવા-ઉજાસવાળા હતા. તેથી નિર્મળા ગ્રામ સેવા છોડી નારીસેવાના ક્ષેત્રે ઝંપલાવ્યું. ત્યાં પણ નિર્મળાની જરૂર ન દેખાઇ. કાશીમામા પોતાની માતાની ફરિયાદ સાંભળીને વારંવાર નાની મામીને ઢોર માર મારે છે. એવું સાંભળીને નિર્મળા 'કાશીમામાની બુદ્ધિ ઠેકાણે લાવીશ', એવો નિર્ણય કરે છે ને નિર્મળા ત્યાં પહોંચે છે. સાંકળ વાસીને વહુને 'ધબોધબ સબેડવા માંડ્યેલા મામા ' જ્યારે નિર્મળાએ અંદર જોયું તો નાની મામીને ખભે હાથ મૂકીને મામા ઊભા હતા. જમણા હાથમાં સોટી હતી. તે ગોદડાના ડામચિયા પર ધબોધબ પડતી હતી ને મામા મોટે મોટેથી બોલતા હતા. ' લેતી જા... મારી માની હામું બોલનાર તું કોણ ? ..." નાની મામી મોં એ સાલ્લાનો છેડો દાબી હસવં ખાળી રહ્યાં હતાં." આમ નિર્મળા મામાને સુધારવા ગયેલીને પોતે જ શરમિંદી બની ગઇ અને એ રાતે મામાએ ગંભીર થઇને સમજાવ્યં " જો નિર્મળા, તમે બધાં આજકાલનાં છોકરાં, ઘરડાં માણસના મનના વેદના તમને ન સમજાય, ઘરડાં એટલે બાળક જેવાં જરા જરામાં જીવ દુ:ખાઇ જાય. એવે સમયે એને દુભવીએ એમાં આપણી શી શોભા ? " અને નિર્મળા " ગયા જમાનામાં જીવનમૂલ્યો પર વિચાર કરતી બેસી રહી." આ પ્રકારની બીજી વાર્તા છે. 'મનામણાં' વાર્તાનો વિષય છે જેઠાણી સામેની દેરાણીની ગૌરવ સ્પર્ધા અને સ્પર્ધાથી અવિકૃત રહેતા બે ભાઇઓનો સહોદર સ્નેહ. પત્નિ પ્રેમથી પક્ષપાતમાં ન ખેંચાતો, માતૃતુલ્ય ભાભીનું માતૃતુલ્ય ગૌરવ ન રાખતો. એ ભાભીની વ્યવહાર બુદ્ધિને સત્કારીને ભાઇથી અલગ ઘર માંડતો છતાં હૃદયથી અલગ ન થતો, અને પત્નિના અભિયાનને ઓગળવાની તકની ધીરજથી રાહ જોતો તથા તક મળતાં સફળ દાવ ખેલતો એવો નાનો ભાઇ રામભાઇ આપણા ધન્વયવાદને અધિકારી બને છે. આ જમાનાના વ્યક્તિવાદને કુટુંબ સ્નેહની કળા શીખવનારો ગુરુ બને છે. દાવ આવે ત્યારે જ સોગઠી મારવી, બળથી ન થાય તો કળથી થાય એ યાદ રાખવું. એવો આ વાર્તામાંથી સૂર મળે છે.

જૂનાં જીવનમૂલ્યોની પુન: પ્રતિષ્ઠા કરવાનો ઉદ્દેશ આ વાર્તા 'કલાકારની પત્નિ'માં છે. રેખા કિશોરની કલાની ભક્ત હતી. કલાકારને હંમેશા પ્રેરણામૂર્તિની જરૂર રહે છે પરંતુ કિશોરને પ્રેરણા મૂર્તિની જરૂર નહોતી. એને પોતાની કાર્યની જીવનની વ્યવસ્થા કરવામાં કોઇની મદદની જરૂર પડતી ન હતી. એ સદા સ્વસ્થ રહે તો હતો. સેંકડો જીવોને આંગળીને ટેરવે નચાવતો કિશોર એ સંવેદનાના સ્પર્શથી પોતે પર રહીને સિતાર ઉપર મનોહર સૂરરચના કરી શકતો. રેખાએ કલાસ્વામીને પોતાનો હૃદય સ્વામી બનાવ્યો હતો. બાળક જેવા અવ્યવહાર, કોમલ, હૃદય, ભાવનાવશ કલાકારની સેવા કરવાની એને ઉમેદ હતી. પણ કિશોર વ્યવહાર કુશળ હતો. પતિ તરીકે કિશોર સારો હતો પણ કિશોરની કલા પર મુગ્ધ થઇને રેખાએ એના ચૂરણમાં જીવન ન્યોછાવર કર્યું ત્યારે એણે જેવો કલપ્યો હતો. એવો કિશોર ન હતો. પોતાને અમૃતનો આસ્વાદ અર્પનારી અકલ્પ્ય સુખનો અનુભવ કરાવનારી, જન્મ મરણથી પર એવી દુનિયામાં ઊંચકી જનારી કિશોરની સિતાર સુરાવલિ એ તો માત્ર ગણિત છે. માત્ર 'મહેનત' જ છે. એવું જ્યારે કિશોર પોતે જ

કહ્યું ત્યારે રેખાની કલાકારની પત્નિ બનવામાં કલ્પેલી સ્વપ્ન સૃષ્ટિ નષ્ટ થઈ. કલાકારના પત્નિ બનવામાં પ્રાપ્ત થતું કલ્પેલું ગૌરવ લૃપ્ત થયું.

'કવિના પ્રેમ પત્રો' એ આ પ્રકારની જ બાંધણી ધરાવતું કથાવસ્તુ છે. આ વાર્તાની નાયિકા સુભદ્રા વાર્તાનાયક કવિ રોહિતને પરણવાને તૈયાર થઈ છે. રોહિતના કવિત્વમય ભાવનામય અલંકાર પૂર્ણ શૈલીવાળા પ્રેયસીના ગુણગાનમાં અત્યૂક્તિ ભરેલા પત્રો સુભદ્રાએ મહામૂલી સંપત્તિ ગણીને સાચવ્યા હતા. પણ લગ્ન પહેલાં જ સુભદ્રાને સમજાય છે કે એ પત્રો ઉપર- કવિના એ પ્રેમ પત્રો ઉપર- પોતાની એકલીની માલિકી નહોતી એ તો પ્રસિદ્ધ થઈને રોહિતને અમર સાહિત્ય પ્રતિષ્ઠા અપાવવાને માટે લખાયા હતા. અને સુભદ્રાએ રોહિતને જણાવી દીધું કે લગ્ન નહીં થાય- " તમારો પ્રેમ મારી નહી પણ જગતની મિલકત છે." એવું એણે કહી નહોતું ધાર્યું. પણ લગ્ન થયાં. કારણ કે રોહિતને શાન થયું એણે પોતે સંઘરેલી એ પત્રોની નકલો ફાડી નાખી, ભૂલ કબૂલ કરી, અને સુભદ્રાને લખ્યું " સુભી, તું મારી ગુરુ બની, તે મને એક નવું સત્ય બતાવ્યું."

આ 'નવું સત્ય' કવિના પ્રેમપાત્રોના હેતુ પરત્વેનો આ ભ્રમનિરાસ દુનિયા સ્વીકારે યા ન સ્વીકારે પણ પ્રણયી કવિનાં 'ત્રિભુવન મોહીની', 'સ્વપ્ન સુંદરી' એવા સંબોધનો વાંચે ત્યારે એ કવિની પ્રેયસીએ એટલી ખાતરી કરવી જરૂરી છે.

'અધૂરો કોલ' સમાજ બંધનોથી રૂંધાઈ જતા શુદ્ધ પ્રણયની કથા છે. વડીલોની સંમતિથી પરણવું શક્ય નથી. નાસી જઈને પરણવામાં સાર નથી, તેથી હતાશ બનેલા વસ્તુ અને અનંત પોત પોતાને ઘરે એક જ ક્ષણે વિષપાન કરીને મરણ સહયોગમાં જ પ્રણય અદ્વૈત સાધવાનો નિર્ણય કરે છે. અનંત એ નિશ્ચય પાર પાડે છે. પણ હોઠ સુધી આણેલી વસુની ઝેરની પ્યાલી એની હિંમત ખૂટી જવાથી નીચે ઢોળાઈ જાય છે અને વસુના ભાગ્યમાં મરણાવિધિ પશ્ચાતાપ શેષ રહે છે.

'અવસર ચૂક્યા પહેલા'માં સંજય નમાયો છે. રાશી પણ નમાઈ છે. બંને ભેગા થાય છે એ ઘર એકની કાકીનું બીજીનું ફોઈનું છે. આ તત્ત્વોમાં આંતર સહાનુભૂતિ અને બાહ્ય સ્પર્ધા બંનેમાં બીજા રહ્યા છે. નમાયો સંજય અતડાપણાના દુર્ગમાં ભરાઈ રહ્યો છે. રાશી પોતાને પિતાથી વિખૂટો પાડનારી કાકીની ભત્રીજી છે. તેથી સંજય એ બાલિકા પ્રત્યેની કુણી લાગણીનું ખરું મૂલ્ય કરી શકતો નથી. અને એ બાલિકા પોતાને ચીડવનાર વિનોદની પાછળ છુપાઈ રહેલા હૃદયભાવને પણ સમજવા છતાં એના ખરા મૂલ્યમાં સ્વીકારી શકતો નથી. બંનેની બાહ્ય વર્તનથી દેખીતી બેદરકારીની પાછળ અગાધ સ્નેહનાં ઊંડાણ છુપાયા છે. પણ પોતપોતાની હૃદયભાવના સમજતાં એ કિશોર- કિશોરી અન્યોન્યના હૃદય ગૂઢ સ્નેહને પારખી શકતાં નથી. આ ઉપરાંત વાર્તા સંગ્રહમાં 'ઉદ્ધાર', 'લક્ષ્મીનો ચાંલ્લો' માં નારીજીવનની વાર્તાઓમાં અપવાદ રૂપ છે. જ્યારે 'લિપસ્ટક' વાર્તામાં પુરુષ તરફથી અંતમાં પત્નિને મળતી સ્વતંત્ર્યતા છે, તો 'મંથન' મનોમંથનની કથા છે, 'પ્રયોગ' અને 'નાનકડો નિઃશ્વાસ' એ માતૃહૃદયની કથા, 'મારી કુસુમ' આહાર સંયમના નિયમ ભંગની કથા છે. આમ જુદા-જુદા વિષયો પર આધારીત વાર્તાઓ સમાવિષ્ટ થઈ છે. પાત્રના હૃદયની એના ભાવની અને એના મનોમંથનની વિશદ પર્યાપ્ત અભિવ્યક્તિ કરવાની શક્તિ આ વાર્તાઓમાં સર્વત્ર દેખાય છે.